eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 275
June 10, 2010

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનું માર્ચ–૨૦૧૧ માં લેવાયેલ ન્યુ એસ.એસ.સી.બોર્ડની પરીક્ષાનું પરિણામ

સુરત મહાનગરપાલિકા સંચાલિત ગુજરાતી માધ્યમની–૭ તથા મરાઠી માધ્યમની–૨ મળી કુલ–૯ સુમન હાઈસ્કુલો કાર્યરત છે, જે પૈકી સુમન હાઈસ્કુલ નં.૧ થી ૯ ખાતે ધોરણ–૧૦ (ન્યુ એસ.એસ.સી.)માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની માર્ચ–૨૦૧૧ માં લેવાયેલ પરીક્ષામાં કુલ–૧૫૬૦ વિદ્યાર્થીઓ પૈકી કુલ–૧૩૯૩ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે, અન્ય વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૩૯ મી નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૯ મી નાટ્ય સ્પર્ધા ઓગષ્ટ–સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર છે. આ નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ૫ જુન, વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગ્રીનવોકનું આયોજન

૫ જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી પ્રાઈમ આર્કેડથી શાંતિવનબાગ,ટેકરાવાલા સ્કુલ પાસે,પાલનપુર પાટીયા,રાંદેર રોડ,સુરત સુધી ગ્રીનવોકનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાત એનવીરો ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવ.લી.(ગેપીલ), પ્રયાસ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, નગરજનો તથા મહાનગરપાલિકાના કર્મચારીગણે મોટી સંખ્યામાં ભાગ લીધેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૫ જુન, વિશ્વ પર્યાવરણ દિવસે "ચિત્રકામ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા" નું આયોજન



૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. આ "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની વિવિધ સ્વૈચ્છિ સંસ્થાઓના સહયોગથી વિવિધ કાર્યક્રમોનું આયોજન તા. ૦૫/૦૬/૨૦૧૧ ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સવારે ૭.૩૦ કલાકે શહેરના નગરજનોમાં પર્યાવરણની જાળવણી માટે લેવા જોગ પગલાંઓ અને ઉપાયોની જાણકારી મળે અને સુરત મહાનગરપાલિકા પર્યાવરણની જાળવણીના પ્રયાસોમાં સહભાગી થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે મે ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં મે માસ દરમ્યાન ૩૭૯૪ ઈન્ડોર તથા ૩૬૬૧૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૪૬૩ તથા ૪૩૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૧૪/૦૬/૨૦૧૧ ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનું માર્ચ–૨૦૧૧ માં લેવાયેલ ન્યુ એસ.એસ.સી.બોર્ડની પરીક્ષાનું પરિણામ

સુરત મહાનગરપાલિકા સંચાલિત ગુજરાતી માધ્યમની–૭ તથા મરાઠી માધ્યમની–૨ મળી કુલ–૯ સુમન હાઈસ્કુલો કાર્યરત છે, જે પૈકી સુમન હાઈસ્કુલ નં.૧ થી ૯ ખાતે ધોરણ–૧૦ (ન્યુ એસ.એસ.સી.)માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની માર્ચ–૨૦૧૧ માં લેવાયેલ પરીક્ષામાં કુલ–૧૫૬૦ વિદ્યાર્થીઓ પૈકી કુલ–૧૩૯૩ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે, અન્ય વિગત નીચે મુજબ છે.

ગુ.મા.શિ.બોર્ડ દ્વારા માર્ચ–૨૦૧૧ માં લેવાયેલ ન્યુ એસ. એસ. સી. બોર્ડની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ, જેમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોએ શિક્ષણ બોર્ડ તથા સુરત શહેર જીલ્લાનાં કુલ પરિણામની સરખામણીમાં ઉચ્ચુ પરિણામ પ્રાપ્ત કરી સુરત મહાનગરપાલિકા તથા સુમન હાઈસ્કુલોનું ગૌરવ વધારેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | બોર્ડનું પરિણામ | :: | ૭૧.૦૬ % |
| (૨) | સુરત જીલ્લાનું પરિણામ | :: | ૭૫.૪૦ % |
| (૩) | સુરત કેન્દ્રનું પરિણામ | :: | ૮૦.૦૨ % |
| (૪) | સુમન શાળાઓનું પરિણામ | :: | ૮૯.૨૯ % |
| (૫) | 'A1' ગ્રેડ : ૦૫ વિદ્યાર્થી | :: | બોર્ડનાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા–૭૪૭૬ |
| (૬) | 'A2' ગ્રેડ : ૯૪ વિદ્યાર્થી | :: | બોર્ડનાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા–૫૬૨૨૫ |

**સુમન હાઈસ્કુલોમાં સૌથી વધુ ટકાવારી મેળવનાર પ્રથમ ત્રણ શાળાઓની માહિતી નીચે મુજબ છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૨ (વરાછા) | :: | ૧૦૦.૦૦ % |
| (૨) | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | :: | ૯૭.૩૭ % |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૧ (પાંડેસરા) | :: | ૯૭.૨૩ % |

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૩૯ મી નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૯ મી નાટ્ય સ્પર્ધા ઓગષ્ટ–સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર છે. આ નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો  સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે રૂા. ૩,૦૦૦/– ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી (સીડી) પ્રવેશ ફોર્મ સાથે તા. ૧૩/૦૬/૨૦૧૦ સુધી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં મોકલી આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

TOP

## ૫ જુન, વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે  ગ્રીનવોકનું આયોજન





૫ જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી પ્રાઈમ આર્કેડથી શાંતિવનબાગ,ટેકરાવાલા સ્કુલ પાસે,પાલનપુર પાટીયા,રાંદેર રોડ,સુરત સુધી ગ્રીનવોકનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાત એનવીરો ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવ.લી.(ગેપીલ), પ્રયાસ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, નગરજનો તથા મહાનગરપાલિકાના કર્મચારીગણે મોટી સંખ્યામાં ભાગ લીધેલ.



ઉપરાંત ટી.પી. ૧૩, એફ.પી.નં. ૨૯૩, કસ્તુરબા સોસાયટી, ટેકરાવાલા સ્કુલ પાસે, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત ખાતે સાકારિત શાંતિવન બાગની લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ)ના વરદ્ હસ્તે કરવામાં આવેલ. કુલ રૂા.૫.૬૮ લાખના ખર્ચે તૈયાર થયેલ આ બાગનું ક્ષેત્રફળ ૮૮૩.૦૦ ચો.મી. છે. આ બાગ તૈયાર કરવાનો ઉદ્દેશ આસપાસના વિસ્તારના સીનીયર સીટીઝનોના વિરામ માટે તેમજ પર્યાવરણની જાળવણીનો છે. જેનો આ વિસ્તારની જનતા લાભ લઈ શકશે. આ બાગમાં વોક–વે અને ગઝેબોની સુવિધા છે.



આ ઉપરાંત કસ્તુરબા સોસાયટીના મુખ્યરોડ સાઈડ પર વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ), મા. સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, મા. ડે. મેયરશ્રી છાયાબેન ભુવા, મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી, શાસકપક્ષ શ્રી દયાશંકર સીંગ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મહાનુભાવો, મ્યુ.અધિકારીશ્રીઓ, કર્મચારીગણ તથા નગરજનો ધ્વારા વૃક્ષોના રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મા.સાંસદશ્રી શ્રીમતિ દર્શનાબેન જરદોશ, મ્યુ. પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, મ્યુ.અધિકારીશ્રીઓ,કર્મચારીગણ તેમજ જાહેર જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

TOP

## ૫ જુન, વિશ્વ પર્યાવરણ દિવસે "ચિત્રકામ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા" નું આયોજન



૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. આ "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની વિવિધ સ્વૈચ્છિ સંસ્થાઓના સહયોગથી વિવિધ કાર્યક્રમોનું આયોજન તા. ૦૫/૦૬/૨૦૧૧ ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સવારે ૭.૩૦ કલાકે શહેરના નગરજનોમાં પર્યાવરણની જાળવણી માટે લેવા જોગ પગલાંઓ અને ઉપાયોની જાણકારી મળે અને સુરત મહાનગરપાલિકા પર્યાવરણની જાળવણીના પ્રયાસોમાં સહભાગી થઈ "સુરત સીટી ગ્રીન સીટી"ના હેતુને ફળીભૂત કરવાના આશયથી રાંદેર વિસ્તારના પ્રાઈમ આર્કેડ જોગાણી નગરથી શરૂ કરી પાલનપુરપાટિયા ટેકરાવાલા સ્કૂલ થઈ, કસ્તુરબા સોસાયટી પાસે નવનિર્મિત શાંતીવન બાગ સુધીની "ગ્રીન વોક" રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિમિટેડ (ગેપીલ) દ્વારા "ગ્રીન રેલી"માં ભાગ લેનાર તમામને ટી શર્ટ અને કેપ વિતરણ કરવામાં આવી હતી. જે પહેરી તમામે આ વોકમાં ભાગ લીધો હતો. શહેરના પ્રથમ નાગરિક અને મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવા, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓએ ફલેગ ઓફ આપી "ગ્રીન વોક"ની શરૂઆત કરવામાં આવી હતી. "ગ્રીન વોક"ના સમાપન સ્થળે સુરત મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત "શાંતીવન બાગ"ને આ વિસ્તારના નગરજનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અને ત્યાર બાદ ટેકરાવાલા સ્કૂલની પાછળ આવેલ કસ્તુરબા સોસાયટી, રોડ સાઈડ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુર્યપુર રત્ન એવોર્ડ વિજેતા શ્રી નિમેષભાઈ વશી અને રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તરફથી સુરતને "ચોખ્ખું અને હરિયાળું" બનાવવા માટે મળેલ અનુદાનના વ્યાજમાંથી "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત સુરત મહાનગરપાલિકા દર વર્ષે શહેરના બાળકો અને નગરજનોમાં વિશ્વ પર્યાવરણ દિનને લગતા વિવિધ વિષયો ઉપર આધારિત ધોરણ ૫ થી ૮ અને ૧૮ વર્ષથી ઉપર એમ બે વયજુથ માટે ચિત્રકળા સ્પર્ધા સવારે ૧૧.૦૦ કલાકે અને૧૫ વર્ષથી ઉપરના માટે વકતૃત્વ સ્પર્ધા બપોરે ૩.૦૦ કલાકે ટાઈફેક હોલ, વોકહાર્ટ હોસ્પીટલની સામે, અઠવાલાઈન્સ સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. વૃક્ષો વાવો પૃથ્વીને બચાવો, જાહેર સફાઈ, વર્ષાઋતુ (ખીલતું પર્યાવરણ), કુદરતના ખોળે પિકનીક, ગ્લોબલ વોર્મિંગ અને ઝુની મુલાકાત જેવા વિષયો પર આધારિત આ સ્પર્ધા યોજવામાં આવી હતી. તથા વકતૃત્વ સ્પર્ધામાં પર્યાવરણ બચાવો દેશ બચાવો, પ્રદુષણ અટકાવવા પર્યાવરણ એક માત્ર ઉપાય, વૈશ્વિક પર્યાવરણ માનવજીવનની જડીબુટ્ટી જેવા વિષયો ઉપર યોજવામાં આવી હતી.

**Continue …**

આ સ્પર્ધાઓમાં ૧૨૫થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પાર્ટીસિપન્ટ પ્રમાણપત્રો અને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના પ્રથમ વિજેતાઓને રૂા.૧,૫૦૦/–, દ્વિતીય વિજેતાઓને રૂા.૧,૦૦૦/–, તૃતીય વિજેતાઓને રૂા.૭૦૦/– અને આશ્વાસન વિજેતાઓને રૂા.૫૦૦/– રોકડ પુરસ્કાર અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરી ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાઓના ચિત્રકળા સ્પર્ધા ગ્રૃપ– ૧ (ધો.૫ થી ૮)માં પ્રથમ વિજેતા ભૂમિ ચેતન વૈદ્ય, દ્વિતીય વિજેતા મેઘલ પરેશભાઈ ભાવસાર, તૃતીય વિજેતા શિવાની રાજેન્દ્રભાઈ પટેલ, આશ્વાસન વિજેતા મહિમા કણિયા, હર્ષ અજયભાઈ પટેલ અને દિશા અરવિંદભાઈ લાઠીયા અને ચિત્રકળા સ્પર્ધા ગ્રૃપ– ૨ (૧૮ વર્ષથી ઉપરના વયગૃપમાં) પ્રથમ વિજેતા હળપતિ શ્યામ વી., દ્વિતીય વિજેતા પટેલ વિરેન મગનભાઈ, તૃતીય વિજેતા શ્રી કાંતેન કંથારીયા, આશ્વાસન વિજેતા હળપતિ રામ વિનોદભાઈ વિજેતા થયા હતા. જયારે વકતૃત્વ સ્પર્ધાના ખુલ્લા વિભાગમાં પ્રથમ વિજેતા શ્રીમતી અમિતા મનન મહેતા, દ્વિતીય વિજેતા ચાંદની કે.ગોનાવાલા, તૃતીય વિજેતા શ્રી મહિલા રણજીતસિંહ ઠાકોર, આશ્વાસન વિજેતા શૈલેષ એન.દેસાઈ અને જસદીપ બેદી વિજેતા નીવડયા હતા.



"સસ્ટેનેબલ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ" વિષય ઉપર સેમીનાર સાંજે ૬.૩૦ કલાકે ટાઈફેક હોલ, વોકહાર્ટ હોસ્પીટલની સામે, અઠવાલાઈન્સ સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ડે.કમિશ્નરશ્રી પી.જે.ઝાલાએ આજના દિવસની ઉજવણીનો મહિમા દર્શાવી ઉપસ્થિત સર્વેને આવકાર્યા હતા. સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેનશ્રી રજનીકાંત મારફતીયાએ પર્યાવરણ સંદર્ભે ટાઈફેક સેન્ટર દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર આપી આ ક્ષેત્રે સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રવૃતિમાં સહભાગી થવા ખાતરી આપી હતી. ડે.મેયરશ્રીમતી છાયાબેન ભૂવાએ શહેરના નગરજનોને પર્યાવરણની જાળવણી અને માવજત માટે સુરત મહાનગરપાલિકા દ્વારા લેવાતાં પગલાંઓમાં સહયોગ આપી વિશ્વ પર્યાવરણ દિનને ખરા સ્વરૂપમાં ઉજવવા અનુરોધ કર્યો હતો. પર્યાવરણના તજ્જ્ઞશ્રી મહેશભાઈ દેસાઈએ સુરત શહેરની આવતા ૩૫ વર્ષમાં પાણીની જરૂરીયાતને ધ્યાને લઈ શહેરના નગરજનોએ પાણીના સંગ્રહ માટેના વિવિધ ઉપાયો સૂચવી તથા હવે પછીના સુરત શહેરના ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ સંદર્ભે ઔદ્યોગિક સંકુલોએ લેવાની કાળજીનો ઉલ્લેખ કર્યો હતો. તજ્જ્ઞશ્રી ગીરીશભાઈ લુથરાએ પર્યાવરણની જાળવણી માટે ગેપીલ સંસ્થાએ બનાવેલ સ્લોગનો પર આધારિત ઉપસ્થિતો પાસે શપથ લેવડાવ્યા હતા. તજ્જ્ઞશ્રી દર્શન દેસાઈએ એક નાની બાળકીનું ઉદાહરણ આપી માનવીને પર્યાવરણ સંદર્ભે સીધા રાખવાની ગર્ભિત ચેતવણી આપી હતી. અંતમાં મ્યુનિસિપલ સભ્યશ્રી વિજયભાઈ માસ્તરે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા પર્યાવરણ પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP

## માહે મે ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં મે માસ દરમ્યાન ૩૭૯૪ ઈન્ડોર તથા ૩૬૬૧૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૪૬૩ તથા ૪૩૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૨૮૬ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૩૫ અને જુના ૯૮૪ દર્દીઓ સહીત કુલ ૧૫૧૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૫૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૩૨૭ તથા આંખ વિભાગમાં ૧૮૨૯ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૨૯૪૭ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગયલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## તા. ૧૪/૦૬/૨૦૧૧ ને મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪/૦૬/૨૦૧૧ ને મંગળવારના રોજ ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મુકામે આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર/પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP